માહા જ્ઞાની

બુજરગ પાક

દાદાર હોરમંજદ

ની

કવીતા રૂપી

અસરકારક પરસ્તેશ.

રચનાર

રૂપાંબાઈ કેં૦ દારાશાજી તાલેયારખાન.

સને ૧૮૭૯

અમદાવાદ—ધી "ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસ.

(સર્વ હક સ્વાધીન.)

IN SEARCH OF DIVINE PROTECTION.

મળવાનું ઠેકાણું—વકીલ સ્ટ્રીટ શાહપોર

સુરત.

૭૩૩૭

અશો જરથોસ્તની દીન પાળનારા નર નારીઓને આ ફાની સંસાર ગુજારતાં પોતાને માથે આવી પડતાં અનેક તરેહના સંકટોને દુર કરવા માટે તથા આબાદી, ફતેહ, સુખ, દોલત અને હેશમત તથા આયુષ્યની વ્રધ્ધી મેળવવા માટેની સાધનરૂપી આ અસરકારક બંદગી અને નીરંગો ઝઝકળા વાળી ગુલાબી બામદાદની વખતે તે માહજ્ઞાની દાદાર હોરમજદની ઉપર પોતાનું પવિત્ર ચિત ધરી ભણવા માટે રચી છે.

અંતઃકરણથી જાહેર કરૂંછું કે આ બંદગીની પરશ્તેસ જો કોઇપણ નર યા નારીઓ ચાલુ રાખશે તો તેઓ પોતાની ઉપર ગુજરતાં તમામ શંકટોને શીકસ્ત આપી તેની તમામ દુઆઓ બરલાવનારી થઇ પડશે.

પૂરાતમ કેતાબોના પૂરાવા ઉપરથી માલુમ પડે છે કે અશો જરથોસ્ત પેગંબર અને તેના નીતિરૂપી લખાયલાં પુસ્તકોની અગાડી કેઆની ફરેદુન પાદશાહના અમલમાં નીરંગો જાહેર થયલી હતી જે નીરંગોનો ફરેદુન એક કાબેલ ઉસ્તાદ હતો અને એ નીરંગોની મદદથી પોતાની ઉપર હરયેક પ્રકારની બળા તે ફતેમંદી ભરેલી રીતે દફે કરતો હતો અને દેવ દરૂજો તેમજ ભયાનક દુસ્મનોનું જોર આ નીરંગની કરામતોથી ફરેદુન ઘડીની વચમાં તોડી નાખતો હતો. જેને આધારે આ નીરંગો મારી બંદગી ભેગી આપવામાં આવી છે.

આજુબાજુની શાહદતો ઉપરથી માલમ પડેછેકે કેઆની ફરેદુન, ગયોમર્દ, હુસંગ, તેહમુરસ્પ અને કેખશરૂ પોતાનાં નીતિ ભરેલાં કામોથી પેગંબર તરીકે ઓલખાઇ ગયા છે.

રૂપાંબાઇ કે. દા. તા.

IN SEARCH

OF

DIVINE PROTECTION.

૧ શનાયે ખોદાવંદ કુનમ જાનો તન,
બેતોસીફ હમદમ નયારમ જદન.

૨ ખોદાવંદે ખલ્લાક હરદો જેહાન,
નગોનજદ સેતાયશ બેતેહેરીરે આન.

૩ જમીન આસમાનો ચનાન ખલ્ક કર્દ,
દરીન હરદો એકસામ અનવાઓ ફર્દ.

૪ રંગા રંગ કોદરત અઝીન શોદ અયાન,
કે મરદુમ બેહૈરત શોદેહ હર જમાન.

૫ તો ખોરશીદ રા આફરીદે ચનાન,
અઝુ નકે યાબન્દ અહેલે જેહાન.

૬ વ નીકી બદી જોમ્લે આલમ તમામ,
તો કરદી જે ખોરશીદ ઇન એન્તેજામ.

૭ ચનાન મેન્નતો હોસ્ન બરમા બેદાશ્ત,
હમે ઉમ્ર જીન શોક્ર નતવાન ગોઝાશ્ત.

૮ વ મેહતાબરા બાઝીયાઓ હસન,
ચનીન આફરીદી નરાનમ સોખન.

૯ અઝુ મોનફેઅત શોદ બર અહેલે જેહાન,
હમે નીક કેરદાર ઝેશ્તો અયાન.

૧૦ તો ખાલેક બરાએ નકે અહેલેદીન,
કેહ ઓ મેહ શનાશદ બેએલ્મ ઓલયકીન

૧૧ બોલંદ. આતશીરા તો નુર આફરીદ,
કે હરયક અજ્જુ ગર્જે દારદ પદીદ.

૧૨ ચનીન રોતબે દાદી બોલંદ આતશી,
બે જોજ ઉ નગોઝરદ શેહ ઓ બીકસી.

૧૩ ચુ પૈદા નકરદી દર અહેલે જેહાન,
મોનાફે કસીરા નશોદ દર જેહાન.

૧૪ કે અકદો સોરૈયા ઓ પરવીન તમામ,
દબીરો વ કોતઓ વ અંજુમ તમામ.

૧૫ હર ચકરા મોનવ્વર તો કરદી બેકાર,
કે પરદાખ્ત શોદ તા બરઆરદ સેમાર.

૧૬ હમે રહેનુમાયાન ઓ કેસ્તી સવાર,
રેહ હરગેજ નયાબંદ બેજોજ ઉશોમાર.

૧૭ બરાએ તો ખલકત ચનાન આફરીદ,
ગોજારંદ લેસાંને ઝે શોકત મઝીદ.

૧૮ હયાતી બે મરદુમ જે બાદ આફરીદ,
બેગૈર અઝ હવા નાખુશી શોદ પદીદ.

૧૯ કે એનસાનો હએવાન શજર ચેહ હજર
હમેહ શાદ સર સબ્જ આરદ શમર.

૨૦ અગર યક જમાન તો કુની નાપદીદ,
હમેહ સાહેબે જાન શવંદ જાનબોરીદ.

૨૧ જે વસફત નદાનમ બેજોજતો યકી,
કે બર કોદરતત મન શોદમ આશકી.

૨૨ એલાહી તો બરમન નગેહ રેહેમ બેદાર,
બે દુનીયાઓ ઓકબા મરા ખુશ બેદાર.

૨૩ જે રૈજકો ફરાખી ફરાવાન બેદાર.
બે હરદમ ગમો રંજ નાબુદ દાર.

૨૪ બે અકલો ફરાસત વ બા હોસ્નદાર,
વ ઓજરે મરા અફવ મકબુલ બેદાર.

૨૫ બે હર મોશ્કેલી મન રેહાઇ બેદાર,
જરો સીમ હરદમ અતાહા બેદાર.

૨૬ બેઇજ્જતો નદારમ કે મકસદ મરા,
બર આરી મોરાદે દેલમ યા ખોદા.

૨૭ બેહરદમ અદુરા તોખારી બેદેહ,
જે રંજો બલા રસ્તેગારી બેદેહ.

૨૮ બેતોફીકે હોસ્ને અમલ હમ બબક્ષ,
બેહરકારે મોશ્કેલ તો યારી બેબક્ષ.

૨૯ તો બર દીને મન ઓસ્તવારમ બેદાર,
હમીશે બર અમ્માલે હોસનમ બેદાર.

૩૦ યકીની બેદારમ બે ફરીયાદ રસ,
સેવાયેતો હરગેજ નદારમ વ બસ.

૩૧ બે દરગાહે તો સર ખમીદેહ નેહમ.
વ ચશ્માન જે અશ્કમ રવાન મીકુનમ.

૩૨ ગોનાહમ બેબક્ષો ઓજરમન કબુલ,
ઉમીદમ બરઆવર તો દાવર રસુલ.

૩૩ જે ઉમીદેહ વાસેક શોદમ ખસ્તેહદેલ,
કે તો હસ્ત હાજેત રવા અહેલે ગેલ.

૩૪ જે હરસુ મન આજે જો હૈરાન શોદમ,
બે હર સેમ્ત રફતમ પરીશાન શોદમ.

૩૫ કે દર ખલ્કે અજમન ગોનેહ શોદ બસા,
બે જોજતો નદાનમ કેબખશદ કસી.

૩૬ જે તો અર્જ દારમ મરા ગંજ દેહ,
વ ઓમ્રો ફરાવાન વ હોસનમ બેનેહ.

૩૭ વ જોમલેહ અઝીઝાનો અહેલે તબાર,
હમીસેહ તો બર ફેર્કે સાલેમ બેદાર.

૩૮ દરૂદે હજારાન કુનમ બર રસુલ,
વ દીને જરાતોશત કરદમ કબુલ.

૩૯ એલાહી હમીશે બરઈન દીન દાર,
વ અજ દસ્તે દોશમન દર હેફ્જત બેદાર.

૪૦ ખતમ કરદેહ ગુઈયમ તો દસ્તમ બેગીર,
દોઆએ મરા ખસ્તેહદેલ તોપજીર.

ABSTRACT.

૧ કીરતારની વખાણ મારા અંતઃકરણથી કરૂં છું અને તેની અમર સરજતની રચનાની ખુબી ઉપર એક દમ પણ કાઢી શકતો નથી.

૨ બંને દુનીઆની સરજત સરજનારો તુજ પરવરદેગાર છે અને તારી સરજતની તારીફ મારા લખાણમાં સમાઇ શકતી નથી.

૩ એવીતો અમર કરામતથી જમીન અને આસમાનને તેં પેદા કીધાં છે કે જે મધે તરેહતરેહની ખૂબીઓ અને મનુષ્યના સુખના સાધનો સમાવી આપ્યાં છે.

૪ તારી અજાયબ કુદરતો એવીતો તેં સર્જી છે કે કોઇ પણ ઇનશાન તારો ભેદ પામી શકયું નથી.

૫ સૂર્યને તેં એવાતો ખૂબી ભરેલા સાધાનથી અને પૂર રોશની વાળો સર્જયો છે કે જેથી આ દુનીઆના લોકો અને હરયેક જાનદારો અમ્મર સુખ ભોગવે

છે. કારણ કે અગર જો ખોરશેદ નહી ઉગે, પોતાની ગરમી અને કીરણો નહી પાંથરે તો હપતેકેશ્વરમાં તમામ ચીજો અને ખોરશેદની ગેર હાજરીમાં કોઇ પણ ચીજ અથવા જાનદાર આ હાડમંદ દુનીઆમાં બચવા અથવા થર પડવા પાગે નહી.

૬ તારી તમામ ખલકતની નેકી અન બદી ખોરશીદના સાધાનથી જાહેર કીધી છે.

૭ ઓ કીરતાર? તારૂં આવી રીતનું ભારે હેશાન મારા ઉપર મૂકયું છે કે મારી તમામ ઉમ્મર પણ તારી તારીફ ગાવામાં ગુજારવા છતાં સંતોષ મળશે નહી.

૮ ચંદ્રમાને એવોતો ઝળકતી કીર્તિવાળો અને મનુષ્યને અમર ફાયદા આપનારો સર્જયો છે કે જેનું કિર્તન મારાથી કરી શકાતું નથી.

૯ ચંદ્રથી તે તમામ દુનીઆને ફાયદેમંદ બનાવી છે અને દુનીઆના લોકોનાં બુરા તથા ભલાં કામો ચંદ્રની ચળકાટ ભરેલી ખૂબીથી છુટાં પડી જાહેર થાય છે. (માહા યઝદ આપણા હરયક કામમાં ફતેહનો આપનારો, હરયેક પ્રકારની આપણી બીમારીને અ-

ને દુખી જીંદગી ને કાપનારો, આપણા દુસ્મનોને સર્વથી ઉત્તમ પ્રકારે મારનારો, તથા ગાય ગોસ્પંદનું તોખમ રાખનાર જાહેર થયલો છે.)

૧૦ તું માલેકના આવા ઉપકારને લીધે નાના મોટા દીનદાર લોકો તારી અમર સરજતના હેશાનનો ઉભરો સાબેત એકીનથી પીછાને છે.

૧૧ બુલંદ શકિત ધરાવનાર અર્દીબેહેશ્તને ખલ્લકતના ફાયદાને અર્થે એવો તો નુરમંદ પેદા કીધો છે કે જેની ગરજ આ દુનિઆના સર્જાયલા હરયક જાનદાર રાખે છે.

૧૨ એવો તો ઉત્તમમાં ઉત્તમ મર્તબો તેં અર્દીબેહેસ્તને આપ્યો છે કે જેની ગરમી અને સુખશાંતી માટેની ગરજ ગરીબ અને પાદશાહ બંને એક સરખી રીતે રાખે છે.

૧૩ જો દુનિઆના લોકોને વાસ્તે અને દુનિઆની પેદાયશને માટે બુલંદ અર્દીબેહેશ્તની આ (હાડમંદ) દુનિઆનામાં શરજત ન કરી હતેતો કોઇને પણ સુખ

મળતે નહી. (બૂલંદ આતશના ઉપર જો કોઇપણ શખ્સ હુશન ગેહેમાં સુખડ લોબાન અથવા કોઇપણ જાતની ખુશબોદાર ચીજ મૂકેતો તેની સુગંધ અર્દીબેહેશ્ત તેના ઘરની આસપાસ પાથરીને તે જગાની દેવસ્તાની બદબો, તથા ખરાબ હવા દુર કરી પૂરતી. તંદુરસ્તી આપવાને સર્વથી ચઢીયાતામાં ચઢીયાતી શકિત અર્દીબેહેશ્ત ધરાવેછે.

૧૪ અકકદ, સૂરૈયા, પર્વીન, દબીર, કૂટુબ, અને અંજુમ સેતારાઓને ખલકતના સુખનાં સાધને માટે તેં સરજ્યા છે.

૧૫ ઝળકતી કીર્તિવાળા, ઝડપની ચાલવાળા, અને અગણીત ફાયદો પહોંચાડનારા ઉપર જણાવેલા સેતારાઓને તું માલેકે જૂદા જૂદા કામો ઉપર હકુમત ચલાવનારા સર્જયા છે. અને તેઓ પોત પોતાના અમલના ફળ ખલકતને આપે છે.

૧૬ પૂનમના ચાંદની ગેરહાજરીમાં (વીષાત)એટલે કે રાતનાં અંધારાને નાબુદ કરનાર ચંદ્રની ગેરહાજરીમાં વહાંણોને ચલાવનાર સઘળા નાખૂદાઓ મચકુર

સેતારાઓની ગેરહાજરીમાં રસ્તો કાપી શકતા નથી.

૧૭ આવી રીતના તારા અમર સાધનો માટે દુનિ આના ચક્કરમાં ગતી ફેરવનારા મનૂષ્યો પોતાની જ ભાન રાતદીન શુકરમાં ગુજારે છે.

૧૮ ઇનશાનની તથા હરયેક જાનદારોની તેમજ એ રવરોના હૈયાતી તથા સુખ માટે હવા પેદા કરી છે.

૧૯ કારણ કે એ હવા શિવાય સર્વની જીંદગીનો પાયો નાશ થવાના ચિન્હો બતાવે છે.

૧૯ તારી અમર કરામતના શુમારમાં માણસો, હે-વાનો ઝાડ તથા પથ્થર એ સઘળા હવાથીજ ખુશીમાં ફળ લાવે છે.

૨૦ તું કીરતાર એક પળવારજો હવાને નાબુદ કરે. તો તારા પ્યારા બંદાઓ નાશ પામે.

૨૧ તારી હજારો નેઆમતરૂપી બક્ષેસનો શુકર કરતાં તારા સિવાય હું કોઇની શીફત જાણતો નથી અને તારી ભેદી કુદરતો ઉપર અજાયબી સાથે મોહીત થયો છું.

૨૨ ઓ પરવરદેગાર મુજ નાલાયક અને દુઃખી

બંદા ઉપર તું રેહેમની નજર રાખ અને બંને દુન
આમાં ભલી ખુશીઓથી મને ખુશી કર

૨૩ મારૂં શંકટ કાપીને રોજીનો વધારો કર અને હરદમ ગમ અને રંજથી મારા જાનને દુર રાખ.

૨૪ અક્કલ અને ડહાપણમાં મને ખૂબી ભરેલો રાખ. મારા દુઃખી અંતઃકરણની અરજ કબુલ કરી મારા ગુન્હાઓ ઉપર રેહેમનો પડદો ઉતાર.

૨૫ હરયક મુસ્કેલીમાંથી મને છુટટો કર તથા શોના રૂપીયાની અને ઘટતા સુખોની નવા જેશ કર.

૨૬ ઓ કીરતાર તારા સિવાય હું કોઇથી ઉમેદ રાખતો નથી. મારી દુઃખી અરજ વાંચ અને ઉમેદ બર લાવ.

૨૭ દુનિઆના ચારે ખંડમાં મારા દુશ્મનોને તું ફના કર અને હરયેક મુશ્કેલી તથા ગમથી મારા જીવને છુટકારો બક્ષ.

૨૮ તારી ખાસ રહેમથી મને ભલાં કામો કરવાની હેદાયત આપ અને તેમ કરતાં મારી દરેક મુશ્કેલીમાં તું મદદગાર થા.

૨૯ પવિત્ર અને સચ્ચાઇનું હથીયાર ધરાવનાર

જરથોશતની દીન ઉપર મારૂ યકીન મજબુત રાખ, અને હમેશા વખાણને લાયકના કામો ઉપર મારી લાગણી દોરવ.

૩૦ મને પુરતો ભરૂશો તારા ઉપર છે કે આ મારૂં ફરિયાદનું કિર્તન તું સાંભળશે; કારણ કે હું તારા શિવાય કોઇને પીછાનતો નથી.

૩૧ તારી દરગાહમાં અને તારી પનાહમાં મારૂં સર નમાવું છું અને મારા સર્વે ગુન્હાઓ અને બુરા કર્તૂ-કોથી પાછો ફરવા આંખોમાંથી આંસુઓ વરસાવું છું

૩૨ મારી આજેજી ભરેલી અરજ કબુલ રાખ, મારાથી હર પળે થતા ગુન્હાઓ માફ કર, ઓ મેહેરબાન ખુદા ? મારી ઉમેદો તું બરલાવ.

૩૩ નાસીપાસ અને આજેજ થયલા બંદાને મજબૂત ઉમેદ છે કે તારા સિવાય બંદાઓના સુખની ઉમેદનો દરવાજો ખોલવાની કુરત કોઇ બીજો ધરાવતો નથી.

૩૪ ચારે તરફથી પરેશાન થઇ દુખી જીગરે ઉભો છું અને તારી રેહેમની ગેરહાજરીમાં જયાં પણ હું જાવું છું ત્યાં નાસીપાસ થાઉં છું.

૩૫ કારણ દુનીઆમાં મારાથી ઘણા એક ગુન્હાઓ થયા છે અનેં ઉમેદ છે કે તે ગુન્હાઓ તું કિર્તાર સિવાય બીજો કોઇ માફ કરનાર નથી.

૩૬ તારી દરગાહમાં હું દુખી જીગરે ઉમેદ રાખું છું કે લાંબી ઉમ્મર સાથે બુદ્ધી અને ખજાનાની બક્ષિસ કર

૩૭ મારા તમામ ભલુ ઇચ્છનારાઓને તથા કુંટુંબીઓને મારા મારા માથા ઉપર કાયમ રાખ.

૩૮ હજારો મારા જીગરની દુઆ પેગંબર અશો જરથોશ્ત ઉપર કરૂં છું અને જરથોશ્તના ઉત્મ કાયદાને હું કબુલ રાખું છું.

૩૯ ખોદા તારી દરગાહમાં હમેશાં બે હાથ જોડી અશો જરથોશ્તની દીન ઉપર મને સાબેત રાખવા તથા દુશ્મનોના પંજાથી મને તારી સંભાળમાં રાખવા અરજ કરૂં છું.

૪૦ શેવટે નમસ્કાર કરી આ બંદગીથી વીનંતી કરૂં છું કે મારી દુઆઓ કબુલ કરી હરયેક કામોના શંકટમાં રેહેમથી તું મારો દસ્તગીર થજે.

નીરંગ.

યા દાદાર અહુરમજદ અહેરેમંનં મરોચીનાદાર નેગુનમ દીવાન; બર બુદને રસ્તાખીજ તન પસીન બીગુમાનમ અષેમ વોહુ ૧ (ત્રણ વાર પઢે)

અયે પરવર દેગાર, નાશ કરનાર હારેમનને તથા દેવોને અને બુરી કરણી કરનારાઓને હું ફના કરૂ કીયામતના દીવસપર તોબાહ થવાની ઉપર હું શક વગર ઉભેલો છું.

દાદારે જેહાંદાર તવાનાં ઓ દાના ઓ પવર્તાર ઓ આફરીદેગાર ઓ કેરફેહગર ઓ અવખ્શીદાર. અહેરેમન હીચ, નાદાન, ઓ નતવાંનદ બ હીચ ચી જ નશાહેદ. અહુરમજદ દાદારી, અહેરેમન મરોચી નીદારી. દાદાર પાક, અહેરેમનનાપાક; અહેરેમન ખાક શવદ, અહેરેમન દુર શવદ, અહેરેમન દફે શવદ, અહેરેમન શેકસ્તેહ શવદ, અહેરેમન હલાક શવદ, અવ્વલ દીન જરથુસ્તી પાક; અહુરમજદ બુલંદ કવી, બેહ, અવજુની અષઓને અષેમ વોહુ ૧ (ત્રણ વાર પઢે).

બેઉ દુનીયાની સરજતનો રાખનાર અહુરમજદ જે સર્વ શક્તિવાન તથા માહ જ્ઞાની તથા બધાની પરૂવરશ કરનાર તથા પેદા કરનાર તથા સવાબનું કામે કરનાર તથા ચોકસાઇ રાખનાર છે. અહેરેમન કોઇ ચીજ નથી, કોઇ બી ચીજ કરી શકતો નથી તથા નાદાન છે. અહુરમજદ પેદા કરનાર છે. અહેરેમનનું કામ નાશ કરનારૂં તથા ફરેબ આપનારૂં છે. અષો દાદાર પાક છે. અહેરેમન નાપાક છે એમ હું જાહેર કરૂં છું. મારાં ભલાં કામોથી અહેરેમન નાશ પામે, અહેરેમન દુર થાએ, અહેરેમન નાબુદ થાએ, અહેરેમન હેઠેલો થાએ, અહેરેમન દુઃખી થાએ. સૌથી પેહેલે દરજજેની દીન, ચઢયાની શક્તિ અને ચઢયાતો કાબુ ધરાવનારી, અશોજરથોસ્તની છે. અહુરમજદ બુલંદ તથા જોરાવર, ભલો અને આબાદીનો કરનાર પણ હુરમજદ છે.

ગોરજે ખોરેહ અવજાયાદ સરોશ અશો, તગી, તન ફર્માન, શેકફત-જીન, જીન-અવજાર, સાલારેદામાંને અહુરમજદ બેરસાદ; અએહુન બાદ અષેમ વોહુ ૧

સરોશ ઇજદ અસો જોરાવર માંથ્રનાં (ગેબી શ

ક્તિ ધરાવનાર તથા ખરાબ ચીજને નાશ કરનાર) તનવાલો યાને તેનું આખુ તનજ માંથ્રથી ભરેલું છે. જાદુઇના હથીયાર રાખનાર તથા ફતેહમંદ હથીયાર રાખનાર અહુરમજદની પેદાયશનો સરદાર તેનું તેજ તથા પ્રતાપ વધુને વધુ હોજો. ઉપર જણાવેલી સીફતા વાલો અશો સરોશ ઇજદ મારી મદદે પોહોંચો. એ પ્રમાણે થાઓ એટલે કે જે દુવાઓ મેં માગી છે તે આમીન થાએ.

ગોરજે ખોરહે અવજાયાદ સરોશ અશો, તગી પીરોજગર બાદ; દસ્તગીરે રવાંન, હમાં તન પાસ બાંન, અશો આંન અશો નેગેહદાર; રોજ માહા ઓ શબાંન, હમે ઇરાંનીઆંન ઓ પઓઇરયો-દકેશાંન ગેહાં ન દામાન, બેહેદીનાંન, તાજીઆને બસ્તે કુસ્તી આંન, જરથુસ્તીઆંન, નીકાંન ઓ પાકાંને હફ્ત કેશાવર ઝમીન, સરોશયજદ પનાહ બાદ. અપઓને અષેમ વોહુ ૧ (ત્રણ વાર પઢે)

અશો સરોશ ઇજદનો પ્રતાપ તથા ખુશી ભરેલી તેની બક્ષીશ ઝયાદે થાઓ. તે વધુને વધુ જોરાવર અને ફતેહમંદ હોજો. સરોશ ઇજદ રવાનોને બચાવનાર

તથા તમામ માણુસોના સંભાળ કરનાર તથા અશો માણુસોની ઉપર પોતાની ભલી નજર રાખનાર છે.

દીવસ, રાત્ર તથા મહીનાઓમાં એટલે કે હમેંશા દુનીઆની પેદાએશના તમામ ઇરાંનીઓ, પઓરઇયોદકશો, બેહેદીનો, કુસ્તી બાંધનારા તમામ જરથોસ્તી ધર્મ પાળનારા તથા હફત કેશવર જમીનના નેક તથા પાક માણુસો સર્વેને એક સરખી રીતે સરોશ ઇજદની પનાહ હોજો.

કુ શેકનમ, ઓ વાએનુમ, ઓ નેજાર કુનમ કાહબુદે શુમા દીવાંન, ઓ દરૂજાંન ઓ જાદુઆંન, ઓ પરીઆંન, પહોમ વ બર્સમ, વદીને રાસ્ત વદારોસ્ત વેહ, કેદાદાર અહુરમજદ ઓએ મન ચાશીદ અષઓને અષેમવોહુ ૧. (ત્રણ વાર પઢે.)

હોમ તથા બર્સમ વડે તથા સાચી અને સંપુર્ણ ભલી દીન દાદાર અહુરમજદે પેગમબર જરથુસ્તની મારફતે મને શીખવી. તે દીનના પ્રતાપથી તમો બુરૂં કામ કરનારાઓ દેવો દરૂઓ તથા જાદુગરો તથા અહે મનની ખસલતનાઓ તેમજ પરીઓના કાલબુ-

દોને હું ભાનું, મારૂં નાશ કરૂં તથા આજેજ કરૂં.

કુલ બલા દફે શવદ, એ દીવ એ દરૂજ એ પરી એ કફતાર એ સેહેરાંન, એ બાદ અખ્તહેદ અણી દરદે શેકમ હફત અન્દાંગ, ખલલે શઇતાંન એ ખાતર પરીશાંન, એ ખલલે દમાઘ શઇતાંન ખાતંર પરીશાંન બાદ; એ દર નજર બરવીજન તા દીદને નવરત*એ માનન્દ હમચનીન બલા દફે શવદ અષઓને અશેમ વોહુ ૧ (ત્રણ વાર પઢે)

તમામ બલાનાસ તીક દેવ, દરૂજો, પરી તથા તરસ (તરસ જાનવરની ખસલતના માણસો અથવા ડાકણો) એ વીગરે બુરા કરતુક કરેનારાએ ઝેરી પવન, અનેક જાતના કુકઓ, પેટનું દરદ, શરીરના સાત સાંધાનું દરદ, શેતાનથી ઉત્પન્ન થતી ખરાબી, દીલની પરેશાની, ભેજાંનુ દરદ, મનની બેચેની જુદદીનોની બદનજર બદમાણુસોને જોવાથી જે ખરાબી પેદા થાએ છે તે તથા એ વિગેરેની બીજી અનેક જાતની આફતો એ સઘળું મારા તનથી, મારા મકાનથી તથા શેહરથી નાબુદ અને નાશ થાએ.

—✳✳—